Registration No:SMST S/12/2017
Filing No. : SMST S/12/2017
Filed On :29/07/2017
Registered On : 29/07/2017

Decided on :28/03/2018

Duration :Y 00 M 07 D 27

**રાજકોટના મહે. પ્રિન્સિપાલ સિનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમા,**
**મુકામ : રાજકોટ.**

**સ્પેશ્યલ સમરી સ્યુટ નંબર : ૧૨/૨૦૧૭.**

**આંક : ૩૭**

**મનોજભાઈ ધીરજલાલ કાચા,**
ઉ.વ. : પુખ્ત, ધંધો : વેપાર,
રહે. : સેન્ચ્યુરી સેન્ટર શોપ નંબર : ૪,
કાન્તાસ્ત્રી વિકાસગૃહ રોડ,
મુકામ : રાજકોટ. .......**વાદી.**

**–:: વિરૂઘ્ઘ ::–**

**૧. સીટી સ્માર્ટ એગ્રોટેક પ્રોડયુસર કંપની લીમીટેડ,**
શોપ નંબર : ૬ કન્યાશાળા શોપીંગ સેન્ટર નં. : ૪,
લક્ષ્મી સિનેમા પાસે, કુવારા,
નવસારી.

૨. **(૧) વિપુલભાઈ કહાર,**
ઉ.વ. : પુખ્ત, ધંધો : વેપાર,

**(૨) મહમદભાઈ મલેક,**
ઉ.વ. : પુખ્ત, ધંધો : વેપાર,

રહે. બન્ને : શોપ નંબર : ૬, કન્યાશાળા શોપીંગ સેન્ટર નં. ૪,
લક્ષ્મી સિનેમા પાસે, કુવારા, નવસારી. **...... પ્રતિવાદીઓ.**

**બાબત : રૂા.૪૯,૧૩,૪૮૭ વસુલ મેળવવા અંગે.**

**વકિલશ્રીઓ ::**
વાદીપક્ષ તરફે વિ. વ. શ્રી એન. પી. દોષી.
પ્રતિવાદીપક્ષ તરફે વિ.વ.શ્રી સી. પી. જોષી.

**–:: ઠ રા વ ::–**

*********

**૧.** વાદીના આ સીપીસી ઓર્ડર ૩૭ મુજબના સમરી દાવાની ટુંક હકીકત એ છે કે, વાદી રાજકોટના રહેવાસી છે અને મથાળે જણાવેલ સરનામે વેપાર કરે છે. પ્રતિવાદી નંબર : ૧ નોંધાયેલ કંપની છે અને પ્રતિવાદી નંબર : ૨/૧ અને ૨/૨ પ્રતિવાદી નંબર : ૧ ના અધિકૃત/જવાબદાર અધિકારીઓ અને વહીવટકર્તા છે. પ્રતિવાદી નંબર : ૧ કંપની નવસારી મુકામે સીટી ગૃપના નામે કાજુના મશીન બનાવડાવી અને કાજુના પ્રોસેસીંગ તેમજ કાજુનો રો–મટીરીયલ માલ સપ્લાય કરવા અંગેનો વ્યવસાય કરે છે. આ અંગેની તમામ વિગતો પ્રતિવાદીએ તેમના તારીખ : ૨/૧/૨૦૧૬ ના પત્રમાં જણાવેલ છે જે પત્રની નકલ દસ્તાવેજી પુરાવા થી આ સાથે સામેલ છે.

વાદી ધ્વારા તારીખ ૧૪/૧૨/૨૦૧૫ ના રોજ આ અંગે પ્રોજેકટ એપ્લીકેશન સીટી ગૃપને આપવામાંઆવેલ અને તેની સાથોસાથ રૂા.૧,૦૦,૦૦૦–૦૦ સ્ટેટ બેન્ક ઓફ પતીયાલાનો ચેક નંબર : ૦૧૮૬૧૪, તારીખ : ૧૪/૧૨/૨૦૧૫ નો એડવાન્સ આપવામાં આવેલ જે પત્રની નકલ દસ્તાવેજી પુરાવાથી આ સાથે સામેલ છે. પ્રતિવાદીઓએ કાજુ પ્રોસેસીંગની મશીનરી વાદીને સ પ્લાય કરી તેનું ઈન્સ્ટોલેશન કરી તેને કાર્યરત કરી કાજુનુ ઉત્પાદન કરવા માટે રો–મટીરીયલ સ પલાય કરવા માટેનું કવોટેશન તારીખ : ૨/૧૧/૨૦૧૬ ના રોજ લેખિતમાં વાદીને આપેલ છે. આ પત્રની નકલ મુજબ કવોટેશનમાં જણાવેલ મુજબ ૩૫,૪૪,૨૭૫–૦૦ ની મશીનરી તથા રૂા.૩૮,૪૦,૦૦૦–૦૦ નો કાચો માલ દિવસ–૬૦ માં સપ્લાય કરવાની જવાબદારી પ્રતિવાદીઓએ સ્કિારેલ હતી. વાદી અને પ્રતિવાદી વચ્ચે તારીખ : ૨/૧/૨૦૧૬ ના રોજ એમ.ઓ.યુ. થયેલ છે જે પત્રની નકલ દસ્તાવેજી પુરાવાથી આ સાથે સામેલ છે અને તે લેખિત કરાર મુજબ પ્રતિવાદીઓએ વાદીને કાજુની મશીનરી સપ્લાય કરવાની હતી અને તે મુજબ વાદીએ પ્રતિવાદીને રકમ ચૂકવવાની હતી. કાજુ ઉત્પાદનની પ્રક્રિયા માટે વાદીએ લોધીકા જી.આઈ.ડી.સી. એસ્ટેટ પ્લોટ નંબર : ૨૭૮૦, મેટોડા રાજકોટનું સ્થળ નકકી કરેલ અને પ્રોજેકટ માટે વાદીએ બેન્ક લોન લેવાની હોય તેમુજબનો પ્રોજેકટ રીપોર્ટ પ્રતિવાદીઓની દોરવણી અને માર્ગદશર્નન મુજબ તૈયાર કરાવેલ જરૂરી તમામ પેપર્સ એટલે કે ચાર્ટડ એકાઉન્ટન્ટનું સર્ટીફિકેટ વાદીએ રજુ કરેલ છે તેમજ સ્ટાર આર્કીકેટ પાસે વેલ્યુએશન રીપોર્ટ બેન્કની લોન લેવા માટે તૈયાર કરવામાં આવેલ જેની નકલ દસ્તાવેજી પુરાવાથી વાદીએ રજુ કરેલ છે. વાદીએ ભારત સરકારશ્રીનું ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ તારીખ : ૨૦/૭/૨૦૧૬ નું પણ મેળવેલ છે જે વાદીએ રજુ કરેલ છે. વાદીએ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન ધ્વારા તારીખ : ૧૨/૮/૨૦૧૬ ના રોજ

જે ડયુસ કલીયરન્સ સર્ટીફિકેટ આપેલ છે જે વાદીએ રજુ કરેલ છે. વાદીએ સીટી ગૃપને મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીગ, મશીનરી ઈકવીપમેન્ટસ અને રો–મટીરીયલના મળી કુલ રૂા.૨૨,૬૪,૪૫૦–૦૦ ની રકમ ચૂકવી આપેલ છે જે સીટી ગૃપને રીસીપ્ટ નંબર : ૯૫, ૯૬, ૯૭, ૯૮ અને ૯૯ થી મળી ગયેલ છે તે અંગેનો સીન્ડીકેટ બેન્કને તારીખ : ૩૧/૧/૨૦૧૭ ના રોજ નો પત્ર પણ વાદીએ રજુ કરેલ છે. વાદીની આ પ્રોજેકટ માટે સીન્ડીકેટ બેન્ક ઘ્વારા તારીખ : ૪/૨/૨૦૧૭ ના રોજ ટર્મ લોન તથા વર્કીંગ કેપીટલ માટે જે લોન મંજુર કરવામાં આવેલ હતી તે મંજુરીનો પત્ર વાદીએ રજુ કરેલ છે. સીન્ડીકેન્ટ બેન્ક ઘ્વારા ડીડી નંબર : ૨૯૪૨૬૮ તારીખ : ૭/૨/૧૭ ના રોજ રૂા.૨૪,૪૪,૨૭૫–૦૦ સીટી સ્માર્ટ એગ્રોટેક પ્રોડયુસર કંપની લીમીટેડને એટલે કે પ્રતિવાદીને ડ્રાફટથી ચૂકવવામાં આવેલ જે ડ્રાફટની નકલ વાદીએ રજુ કરેલ છે. વાદીએ બેન્ક લોન મેળવતા પહેલા વેલ્યેએશન રીપોર્ટ માટેના રૂા.૧૫,૦૦૦–૦૦ ટાઈટલ રીપોર્ટ મેળવવા માટે શ્રી પંકજભાઈ કોઠારીને રૂા.૩૫૦૦–૦૦ સીટી ગૃપના લોન કન્સલટન્સશ્રી મયુરભાઈને કન્સલ્ટીગ ફી ના રૂા.૨૦,૦૦૦–૦૦ બેન્કમા લોન લેવા માટે મશીનરી મોર્ગેટજમાં મુકવા અંગેના સ્ટેમ્પ પેપર ખરીદવાના રૂા.૧૧,૯૦૦–૦૦ તેમજ રૂા.૫૨૦૦–૦૦ રજી. ફી ના મળી કુલ રૂા. ૫૫,૬૦૦–૦૦ નો ખર્ચ વાદીને થયેલ છે. વાદીએ પ્રતિવાદીઓને તેમની દાવા અરજીના પેરા ૧૨ માં જણાવ્યા મુજબની કુલ રકમ રૂા.૪૭, ૦૮,૯૨૫–૦૦ ચેક ઘ્વારા અને સીન્ડીકેન્ટ બેન્કના ડીડી ધવારા આપેલ છે. આમ, વાદીએ પ્રતિવાદીઓને રકમ ચૂકવ્યા બાદ ઉપર મુજબનો તમામ ખર્ચ કરેલ હોવા છતા, પ્રતિવાદીઓએ કરાર મુજબની મશીનરી અને રો–મટીરીયલ વાદીને સપ્લાય કરેલ નહી તેથી વાદીએ સીન્ડીકેટ બેન્કમાંથી જે લોન લીધેલ હતી તેના રૂા.૯૯,૧૬૨–૦૦ ચૂકવવા પડેલ છે જેના બેન્ક સ્ટેટમેન્ટની તારીખ : ૨૯/૭/૨૦૧૭ ની

નકલ વાદીએ રજુ કરેલ છે. સીટી ગૃપ ધ્વારા વાદીને નિયત સમયમાં મશીનરી અને રો–મટીરીયલ સપ્લાય ન કરતા, વાદીએ તેમના વકિલશ્રી નિરવ પી. દોશી ધ્વારા રજી.એડી થી તારીખ : ૯/૬/૨૦૧૭ ના રોજ લીગલ નોટીસ આપેલ છે જે પ્રતિવાદીને મળી ગયેલ છે. જેમાં પ્રતિવાદીઓએ આપેલ લેખિત બાંહેધારી અનુસાર દિવસ ૬૦ માં મશીનરી અને રો–મટીરીયલ પુરુ ન પાડતા, તેમજ મશીનરી ફીટ ન કરતા તેમજ પ્રતિવાદીઓની કસૂરના કારણેલોનના હપ્તા ને વ્યાજ ભરવા પડે છે અને ધંધો કરી શકેલ નથી તે અંગેની આ નોટીસમાં વિગતવાર હકીકત દર્શાવવામાં આવેલ હતી જે નોટીસ વાદીએ રજુ કરેલ છે. આ નોટીસમાં પ્રતિવાદીઓ ધ્વારા તારીખ : ૨૧/૬/૨૦૧૭ ના રોજ જવાબ આપેલ છે અને તેઓએ વાદીએ જે રકમ ચૂકવેલ છે તે અંગેની લેખિત હકીકત સ્વીકારેલ છે. આ નોટીસના જવાબમાં પાન નંબર : ૨ માં પેરા નંબર : ૭ માં એ હકીકત સ્વીકારેલ છે કે, મશીનરી ૫૦ થી ૬૦ દિવસમાં આપવાનું બંધન આપેલ હતુ. પરંતુ નોટીસના પેરા ૮ માં જણાવ્યા મુજબ કંપનીના અંદરો–અંદર વાંધાને લીધે મોડું થયેલ છે જેની નુકશાની આપવા માટે તેઓએ બાંહેધરી આપેલ છે તેમજ પેરા નંબર : ૯ માં જણાવ્યા મુજબ બેન્કની લોનનું જે વ્યાજ ચડેલ છે તે ચૂકવવામાં આવશે તેવી બાહેંધરી લેખિતમાં આપેલ છે. આ મશીનરી તૈયાર કરી આપી દેવાનું લેખિતમાં જણાવેલ હતુ જે નોટીસ વાદીએ રજુ કરેલ છે. પ્રતિવાદીઓએ તારીખ : ૨૧/૬/૨૦૧૭ ના રોજ વાદની નોટીસના લેખિત જવાબમાં મશીન આપવાનું વચન આપેલ હોવા છતાં, તેઓએ તારીખ : ૧૯/૭/૨૦૧૭ સુધી આવી કોઈ મશીનરી ફીટ કરવાની કે રો–મટીરીયલ મોકલવા અંગેની કાર્યવાહી કરેલ ન હતી. પ્રતિવાદીઓએ મશીનરી અને રો–મટીરીયલ આપવાને બદલે તારીખ : ૨૦/૭/૨૦૧૭ ના રોજ સીન્ડીકેટ બેન્કે જે લોન આપેલ છે તે વ્યાજસહીત પરત ચૂકવી આપવાની જવાબદારી સ્વીકારેલ છે અને તેમાં

રૂા.૨૪,૪૪,૨૭૫–૦૦ વ્યાજસહિતની રકમ ઓગષ્ટ–૨૦૧૭ સુધીમાં ચૂકવી આપશે તેવો જે પત્ર લખેલ છે તે વાદીએ રજુ કરેલ છે. આમ, પ્રતિવાદીઓએ તારીખ : ૨૧/૬/૨૦૧૭ ના રોજ મશીનરી અને રો–મટીરીયલ આપવાનું લેખિતમાં વચન અને વિશ્વાસ આપેલ હોવા છતાં, પ્રતિવાદીઓએ તારીખ : ૨૧/૭/૨૦૧૭ ના રોજ એમ.ઓ.યુ. માં નકકી થયા મુજબની મશીનરી અને રો–મટીરીયલ હવે આપી શકે તેમ નથી તેવો પત્ર લખેલ છે અને લેણી નીકળતી રકમ ઓગષ્ટ–૨૦૧૭ સુધીમાં ચૂકવવામાં આવશે તેમ જણાવેલ છે. આમ, પ્રતિવાદીઓ જુદા જુદા બહાના કાઢી અને જુદા જુદા પત્ર લખી મશીનરી કે રો–મટીરીયલ આપતા નથી અને ઓગષ્ટ–૨૦૧૭ માં ચૂકવી આપશે તેવા વાયદાઓ અને વચન આપે છે અને તે મુજબ વાદીએ ચૂકવેલ રકમ પરત ન આપવાનો પ્રતિવાદીઓનો સ્પષ્ટ ઈરાદો જણાય છે તેથી વાદીએ આ દાવો કરેલ છે. વાદીએ તેમની આંક–૧ ના પેરા – ૨૨ માં વાદીનું પ્રતિવાદીઓ પાસેથી નીકળતુ લેણું રૂા.૪૯,૧૩,૪૮૭ મેળવવા પ્રતિવાદીઓ વિરૂઘ્ધ આ સીપીસી ઓર્ડર ૩૭ મુજબનો સમરી દાવો કરેલ છે અને તે મંજુર કરવા જણાવેલ છે.

**૨.** આ દાવાની નોટીસ પ્રતિવાદીઓને બજી ગયેલ છે. પ્રતિવાદીઓ તરફથી દાવાની નોટીસ બજી જતા, કોઈ લીવ ટુ ડીફેન્સ રજુ કરેલ નથી. પરંતુ પ્રતિવાદીઓને સમન્સ ફોર જજમેન્ટની નોટીસ બજી જતા, તેમના વિઘ્વાન વકિલશ્રી મારફતે પ્રતિવાદીઓ હાજર થયેલ છે. પરંતુ કોઈ બચાવ કરવા માટે પ્રયત્ન કરેલ નથી. તેથી વાદીએ આંક–૧૭ થી સમન્સ ફોર જજમેન્ટનું સોગંદનામું રજુ કરેલ છે. જે મુજબ વાદી તેમના આંક–૧૭ ના સીપીસી ઓર્ડર ૩૭, રૂલ ૩(૬)(એ), ૩(૭) મુજબ લેણી રકમ વ્યાજસહીત મેળવવા સોગંદનામું રજુ કરેલ છે. જેમાં વાદી

જણાવે છે કે, કોર્ટે આંક–૧૧ થી પ્રતિવાદીઓને સમન્સ ફોર જજમેન્ટનો ઓર્ડર ઈશ્યુ કરેલ હતો અને પ્રતિવાદીઓને આ સમન્સ બજી જતા એડવોકેટ મારફતે તારીખ : ૨૭/૧૧/૨૦૧૭ ના રોજ વકિલાતનામું રજુ કરેલ છે. પરંતુ કાયદા મુજબ દિન–૧૦ માં પોતાના બચાવ માટે કોઈ લેખિત જવાબ–વાંધા વકિલશ્રી મારફતે કે જાતે રજુ કરેલ નથી અને આજદિન સુધી પ્રતિવાદીએ કોર્ટમાં કોઈ કાર્યવાહી કરેલ નથી. તારીખ : ૨૭/૧૧/૨૦૧૭ ના રોજ કોર્ટમાં વકિલાતનામું રજુ કર્યા બાદ તારીખ : ૧૬/૧૨/૨૦૧૭ ના રોજ નકકી કરેલ હોવા છતાં, તારીખ : ૨૭/૧૨/૨૦૧૭ ની વાદીના વકિલશ્રીને ખોટી રજુઆત કરી બચાવ માટે તારીખ નખાવેલ છે તેથી પ્રતિવાદીઓનો ઈરાદો વાદીની લેણી રકમ ન ભરવાનો જણાય છે. પ્રતિવાદીઓના એડવોકેટે તારીખ : ૨૭/૧૧/૨૦૧૭ ના રોજ કોર્ટમાં વકિલાતનામું મુકેલ તે સમયે કોર્ટને બેન્કના લોનની પુરેપુરી વ્યાજસહીતની રકમ તારીખ : ૧૬/૧૨/શ્ર૦૧૭ ના રોજ ભરી આપશે અને બન્ને પ્રતિવાદીઓને હાજર રાખશે તેવી કોર્ટને રજુઆત કરેલ હોવા છતાં, પ્રતિવાદીઓ હાજર થયેલ નથી અને દિન–૧૦ માં રકમ ભરવી ન પડે તે માટે ખોટી રજુઆત કરી તારીખ મેળવેલ છે અને આવી કોઈ રકમ ભરેલ નથી કે સોગંદનામું રજુ કરેલ નથી. આમ, વાદી તેમના દાવા અરજીમાં અને સમન્સ ફોર જજમેન્ટમાં જણાવ્યા મુજબ સમન્સ પ્રતિવાદીને મોકલવા છતાં, ૧૦ દિવસમાં કાર્યવાહી કરી ન હોય, દાવા અરજીમાં જણાવેલ લેણી રકમનું હુકમનામું કરવા જણાવેલ છે તેથી વાદીનો દાવો મંજુર કરવા જણાવેલ છે.

૩. ઉપરોકત વાદીની દાવા અરજી અને પ્રતિવાદીઓ તરફથી આપેલ આંક–૧૮, આંક–૧૯ અને આંક–૨૦ ની પુરસીસો લક્ષમાં લીધી. જેમાં પ્રતિવાદીઓએ વાદીને રકમ ચૂકવવાનું જણાવેલ

છે. પરંતુ, આવી કોઈ રકમ પ્રતિવાદીઓએ વાદીને ચૂકવેલ ન હોય, તેમજ વાદીના આંક–૧૧ ના સમન્સ ફોર જજમેન્ટનો સમન્સ બજી ગયેલ હોવા છતાં, ૧૦ દિવસમાં બચાવની કોઈ કાર્યવાહી પ્રતિવાદીઓએ જાતે કે તેમના વકિલશ્રી મારફતે કોર્ટમાં હાજર રહીને કરેલ નથી તેથી પ્રતિવાદીઓ વાદીનું લેણું ચૂકવવા તૈયાર છે તેવું ગર્ભીત રીતે દર્શાવી શકતા ના હોય તેવું ફલીત થાય છે. પ્રતિવાદીઓએ વાદીના લેણાંની કોઈ રકમ અંગે લીવ ટુ ડીફેન્સ રજુ કરેલ ન હોય, અને તે અંગે કોઈ કાર્યવાહી કરેલ ન હોય, વાદીને તેનું લેણું ચૂકવવા પ્રતિવાદીઓ વિરૂધ્ધ હુકમ કરવો જરૂરી જણાય છે. વાદીએ તેમના આંક–૧૧ ના સમન્સ ફોર જજમેન્ટમાં અને આંક–૧૭ ની લેણી રકમ અપાવવાના સોગંદનામાં સાથે આંક–૨૧ થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ કરેલ છે જેમાં વાદીએ ક્રમ નંબર : ૧ થી ક્રમ નંબર : ૧૩ સુધી વાદીએ તેમની દાવા અરજીમાં જણાવ્યા મુજબના તમામ દસ્તાવેજી પુરાવા આંક–૨૩ થી આંક–૩૫ સુધી રજુ કરેલા છે. આ તમામ આંક–૨૩ થી આંક–૩૫ સુધીના દસ્તાવેજી પુરાવા વાદીનું પ્રતિવાદીઓ ઉપર જે લેણું છે તે પુરવાર કરવામાં સમર્થન આપે છે તેથી વાદી તેમની દાવા અરજીમાં જણાવ્યા મુજબનું લેણું આંક–૧૧ ના સમન્સ ફોર જજમેન્ટની નોટીસ કાઢવા માટેની અરજી અને આંક–૧૭ ના સમન્સ ફોર જજમેન્ટના સોગંદનામાંને વાદી દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરે છે તેથી વાદીની તરફેણમાં આખરી હુકમ કરવો ન્યાયના હિતમાં વાજબી જણાય છે. ઉપરોકત હકીકત લક્ષમાં લઈને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: **હુ ક મ** ::–

**૧.** વાદીનો આ દાવો આથી **મંજુર** કરવામાં આવે છે.

**૨.** પ્રતિવાદી નંબર : ૧ વતી પ્રતિવાદી નંબર : ૨/૧ અને ૨/૨ નાએ સંયુકત રીતે અને વિભકત રીતે રૂા.૪૯,૧૩,૪૮૭–૦૦ અંકે રૂપિયા ઓગણપચ્ચાશ લાખ તેર હજાર ચારશો સત્યાસી

પુરા દાવો કર્યાની તારીખથી ખરેખર રકમ વસુલ થાય ત્યાંસુધી વાર્ષિક ૧૨% ના વ્યાજસહીત વાદીને ચૂકવવા તેવો વાદીની તરફેણમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં હુકમ કરવામાં આવે છે.

૩. આ દાવાનો ખર્ચ વાદીને પ્રતિવાદીઓએ ચૂકવવો અને પ્રતિવાદીઓએ તેમને થયેલ ખર્ચ પોતે ભોગવવો.

૪. હુકમ મુજબ હુકમનામું દોરવુ.

આ હુકમ આજરોજ તારીખ : ૨૮મી, માહે : માર્ચ, સને : ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Sd/-
(**એ. વાય. દવે**)
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ,
રાજકોટ.
UIC No.:GJ00451

સ્થળ : રાજકોટ.
તારીખ : ૨૮/૦૩/૨૦૧૮